

# પરિષદવૃત્ત

**સંકલન : રાજેન્દ્ર પટેલ**

## પોરબંદર ખાસ જેલમાં કવિમિલન

ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી ગુજરાતની જુદી જુદી જેલોમાં કવિતા-વાંચન-પઠનના કાર્યક્રમો ચાલી રહ્યા છે, તેમાં ૨૨ ઑગસ્ટ ૨૦૧૦ના રોજ પોરબંદરની ખાસ જેલમાં દોઢસો કેદીઓ સમક્ષ, પોરબંદર કલરવના કવિઓ રામજી પાડલિયા, જયંત મોઢા, વૃજલાલ રૂપાણી, દિલરાજ મારુ, સુનીલ ભીમાણી, મહેન્દ્ર વાળા, વજુભાઈ પુનાણી, જય પંડ્યા અને દેવ સીંગરખિયાએ પોતાનાં બે-બે ગીત-ગઝલો રજૂ કર્યાં હતાં.

કેદીઓની મનોદશાને રજૂ કરતો શેર

**'સમય સંજોગના કારણે અહીં મુકામ કર્યો છે,**
**પથારી ક્યાં અહીં રાતે અમારે રોજ કરવી છે.**

ગઝલકાર પુનાણીએ રજૂ કરીને ભારે દાદ મેળવી હતી. 'મંદિર તું જેને માને છે, તે હવે બની ગઈ છે દુકાન, હાલ્ય હવે મારી ઝુંપડિયે ભગવાન, દેવ શીંગરખિયાની રજૂઆત પણ તાલીઓ સાથે ઝિલાણી હતી.

પરિષદકાર્યક્રમની ભૂમિકા વિશે નરોત્તમ પલાણે અને સભાધ્યક્ષ ડૉ. સુરેખા શાહે સંબોધન કર્યું હતું. સંચાલન કવિ દેવ શીંગરખિયા અને આભાર જેલના ડૉ. મોઢા દ્વારા સંપન્ન થયાં હતાં. પરિષદ તરફથી ભેટ આવેલાં પુસ્તકો સભાધ્યક્ષે જેલ સુપરિન્ટેન્ડન્ટને અર્પણ કર્યાં હતાં.

તારીખ ૨૯-૮-૨૦૧૦ના રોજ જૂનાગઢ જિલ્લા જેલ ખાતે ગુજરાત સાહિત્ય પરિષદની પ્રેરણા સાથે રૂપાયતન દ્વારા 'ગઝલ શ્રાવણી'નું આયોજન કરવામાં આવેલ, જેમાં પ્રતિષ્ઠિત કવિઓ સર્વશ્રી લક્ષ્મણભાઈ દૂબે, ગોવિંદ ગઢવી 'સ્મિત', ડૉ. ઉર્વીશ વસાવડા, મહેન્દ્રસિંહ પઢિયાર, જયંત કોરડીયા, અરવિંદ પંડ્યા, કમલેશ દાફડા તથા રાહુલ શ્રીમાળીએ સ્વરચિત કવિતા રજૂ કરેલ અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી હેમંત નાણાવટીએ કરેલ.

આ પ્રસંગે જેલ સુપ્રિન્ટેન્ડન્ટ શ્રી એ. બી. કંબોડિયાએ સૌ ઉપસ્થિત કવિઓનું સ્વાગત કરેલ તથા જેલના બંદી-બંધુઓ દ્વારા દીપ-પ્રાગટ્ય કરવામાં આવેલ. આ પ્રસંગે ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી ૨૫૦ પુસ્તકો જેલના બંદી-બંધુઓને માટે તરતાં મૂકવામાં આવેલાં.

ગુજરાતની વિવિધ જેલો માટે ભેટ પુસ્તકો આપવા માટે નીચે જણાવેલ તરફથી ભેટ પુસ્તકો મળ્યાં છે.

| | | |
|---|---|---|
| (૧) | પ્રિયબાળા રમણલાલ શાહ | ૨૧૦ પુસ્તકો |
| (૨) | ઇમેજ પબ્લિકેશન પ્રા. લિ. | ૪૦ પુસ્તકો |

## માતૃભાષા કૌશલ્ય અભ્યાસક્રમ – ખરી ભાષાવંદના

મારી શાળામાં માતૃભાષા કૌશલ્ય પ્રમાણપત્ર અભ્યાસક્રમનો પત્ર આવતાં સૌપ્રથમ મેં તે અભ્યાસક્રમમાં દાખલ થવા રસ દાખવ્યો અને તે અભ્યાસક્રમ પૂર્ણ કરતાં મને શિક્ષણની સાથે આનંદની જે અનુભૂતિ થઈ તે કંઈક ઓર જ પ્રકારની હતી.

વર્ગમાં હાજરી આપતાં મને લાગવા માંડેલું કે અમે પચાસી વટાવી ગયેલ તાલીમાર્થીઓ માતૃભાષાનાં પાકટ ફળો હતાં જ્યારે યુનિ., વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ ફૂલપાન; વક્તાઓ અમારી જરૂરિયાત સંતોષનારા માળીઓ અને પરિષદ અમારી ધરતી જ જોઈ લો ! અવારનવાર આવતો વરસાદ વિઘ્નકર્તા બની અમારી પરીક્ષા લઈ રહ્યો હતો; છતાં પણ અમે નિયમિત વર્ગો ભરી જ્ઞાન રૂપી જલધારાને અમારામાં સમાવી રહ્યા હતા.

વિષયનિષ્ણાતોનું તો શું કહેવું ? આવે અપરિચિત સ્વરૂપે પણ કલાક – દોઢ કલાકમાં તો અમારા ચિરપરિચિત સ્વજન બની જાય ! આજ બાબત તો અમને રોજેરોજ પરિષદ તરફ ખેંચી લાવતી.

માતૃભાષા માટે તેમજ તેના કૌશલ્ય માટે જરૂરી એવા લગભગ બધા જ; જેવા કે ઉચ્ચારપ્રક્રિયા, ઉચ્ચારભેદે અર્થભેદ, શ્રવણ અને વાંચન કૌશલ્ય, શબ્દઘડતર, નામપદ, ક્રિયાપદ, વાક્ય અને વાક્યપ્રકાર, વિરામચિહ્નો, શબ્દાર્થ તથા કયા શબ્દઘટકો ભેગા લખાય અને કયા અલગ તેની નિષ્ણાતો દ્વારા જે વિશિષ્ટ જાણકારી આપવામાં આવી. એટલું જ નહિ તેનાથી ભાષાલેખન અને વક્તવ્ય વખતે કઈ સતર્કતાની જરૂરિયાત છે ? તેનો અમને ખ્યાલ આવ્યો.

વક્તાના વક્તવ્ય પછી ચર્ચાનો જ રસિક દોર ચાલતો ત્યારે બારીમાંથી ડોકિયું કરતો છોડ પણ બોલી ઊઠતો હોય એમ લાગતું કે ''મને પણ આ ચર્ચામાં સામેલ કરોને.''

માતૃભાષાની જ નહિ પણ તેની બોલીઓની પણ કેટલી અસરકારકતા અને વેધકતા હોય છે ? તેની સમજ અમને વ્યાસસાહેબનાં વિવિધ ઉદાહરણો દ્વારા જ આવી તે નિર્વિવાદ છે.

શ્રવણ, વાંચન, લેખન અને વક્તૃત્વમાં સૌથી અઘરું વક્તૃત્વ જ છે જે નિશંક છે; તેમાં આવી તાલીમશિબિર ઘણી જ ઉપયોગી થઈ શકે કારણ ઉચ્ચારભેદે અર્થભેદ અહીં જ વધુ સ્પષ્ટ થાય છે.

મને એ સમજાતું નથી કે સરકાર તરફથી શિક્ષકોને અપાતી કર્મયોગી તાલીમમાં આવા વેગીનું આયોજન કેમ નથી થતું ? જો આવું આયોજન થાય તો ખરેખર શિક્ષક ખરા અર્થમાં પ્રશિક્ષિત થાય.

મારું તો માનવું છે કે માતૃભાષાના શિક્ષકો માટે તો આ વર્ગો ફરજિયાત કરી દેવા જોઈએ કે જેથી તેઓ સારી રીતે સજ્જ થઈ જવાબદારીપૂર્વક શિક્ષણકાર્ય કરે તથા તે દ્વારા ભાવિ પેઢીને માતૃભાષાથી વિમુખ થતી બચાવી લઈ અભિમુખ કરે. જો આવું થઈ શકશે તો આપણે કોઈએ 'માતૃભાષા બચાવો' આંદોલન કરવાની કે તેની ચિંતા કરવાની જરૂર નહીં રહે.

બોરીસાગરસાહેબે આવા વર્ગો માટે વિચારરૂપી બીજ મૂક્યું, રાજેન્દ્ર પટેલ, પારુલબહેન અને પરિષદે તે બીજને ઉછેરવામાં જે પુરુષાર્થ કર્યો છે તેના પરિપાક રૂપે અમારી પહેલી બેચ સફળતાપૂર્વક અભ્યાસક્રમ પૂરો કરી શકી અને ત્યારે વર્ગની સમાપનવિધિમાં ઉપરોક્ત ત્રણેય વ્યક્તિવિશેષોએ જે સંતોષ વ્યક્ત કર્યો તે અમારા માટે તે આનંદની વાત બની રહી.

આ અને આવા વર્ગો નાના અમથા છોડમાંથી વટવૃક્ષ બને અને સમસ્ત ગુજરાતી પ્રજાને માતૃભાષાનો ઉપયોગ કરતાં જરૂરી તકેદારી રાખતાં શીખવશે તો તેમાં જ સર્વ માતૃભાષીઓનું હિત સમાયેલું છે.

**રાવ હરિશ્ચંદ્ર મદનસિંહ**
મ. શિક્ષક હા. સે.
એમ.પી. પંડ્યા હાઈસ્કૂલ, જેતલપુર
તા. દસ્ક્રોઈ, જિ. અમદાવાદ
મો. ૯૪૨૬૦૪૮૬૫૧

S

ગુજરાતી સાહિત્ય પરિષદ અંતર્ગત રવીન્દ્રભવનના ઉપક્રમે તા. ૧-૯-૨૦૧૦ના રોજ અનિલાબહેન દલાલે રવીન્દ્રનાથે તેમની જમીનદારીના સિલાઈદહ વગેરે સ્થળોએથી પોતાની ભત્રીજી ઇન્દિરાદેવીને લખેલા પત્રોના સંગ્રહ 'છિન્નપત્ર' વિશે વક્તવ્ય આપ્યું.

આ પત્રોના સર્જનાત્મક ગદ્ય તેમજ તેના સૌંદર્યની વાત પોતાના વક્તવ્યમાં ઉદાહરણો સાથે કરી પદ્મા નદીના કાંઠા પરથી કવિએ જોયેલા કુદરતનાં દશ્યો – ગ્રામજીવન તેમજ કવિનું ચિંતન એમાં વ્યક્ત થયું છે. કવિની ઘણી વાર્તાઓની ભૂમિકા તેમજ પાત્રોનો સ્રોત કવિને આ ભ્રમણમાં મળેલો તે વાત વક્તાએ સદષ્ટાંત નિરૂપિત કરી.

### સાહિત્યસિદ્ધાંત વ્યાખ્યાનશ્રેણીનું પાંચમું વ્યાખ્યાન

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત શ્રી ક. લા. સ્વાધ્યાયમંદિર દ્વારા મંગળવારે તા. ૩૧-૮-૨૦૧૦ના રોજ સાહિત્યસિદ્ધાંત વ્યાખ્યાનશ્રેણીનું પાંચમું વ્યાખ્યાન ડૉ. અજિત ઠાકોરે 'વક્રોક્તિસિદ્ધાંત અને શૈલીવિજ્ઞાન' વિશે આપ્યું હતું. વક્તવ્ય દરમિયાન તેમણે પશ્ચિમ અને સંસ્કૃત વિદ્વાનોના અભિપ્રાયો ટાંકીને 'વક્રોક્તિસિદ્ધાંત અને શૈલીવિજ્ઞાન'ની વિશદ ચર્ચા કરી હતી.

### પાક્ષિકી

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત 'પાક્ષિકી' અંતર્ગત તા. ૧૬-૯-૧૦ના રોજ

સાંજે ૬ વાગ્યે શ્રી નયના ડેલીવાળાએ મનીષા કુલશ્રેષ્ઠની હિંદી વાર્તા 'પોઝિટિવ'ના ગુજરાતી અનુવાદનું પઠન કર્યું હતું. વાર્તાવસ્તુ અને માવજતમાં બધાને રસ પડ્યો હતો.

**નવોદિત સર્જકોના પ્રથમ સર્જનાત્મક પુસ્તકનું પ્રકાશન**

ગુજરાતી સાહિત્ય પરિષદના ક. લા. સ્વા. મંદિર હસ્તક શ્રી બી. કે. મજૂમદાર ટ્રસ્ટ પ્રકાશનશ્રેણી અંતર્ગત નવોદિત સર્જકોના પ્રથમ સર્જનાત્મક પુસ્તકનું પ્રકાશન કરવામાં આવે છે. આથી જે નવોદિત લેખકો/લેખિકાઓનું એક પણ પુસ્તક પ્રગટ ન થયું હોય તેઓ આ શ્રેણીમાં પોતાના પ્રથમ સર્જનાત્મક પુસ્તકની હસ્તપ્રત મોકલી શકે છે. હસ્તપ્રત મોકલવાનું સરનામું – પ્રકાશનમંત્રીશ્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ, ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, નદીકિનારે, અમદાવાદ ૩૮૦૦૦૯

**ગુજરાતી સાહિત્ય પરિષદ : છવ્વીસમું જ્ઞાનસત્ર**

સ્થળ : મોડાસા (જિ. સાબરકાંઠા) તા. ૨૪-૨૫-૨૬ ડિસેમ્બર-૨૦૧૦
યજમાન સંસ્થા : એમ. એલ. ગાંધી હાયર એજ્યુકેશન સોસાયટી, (મોડાસા)
જ્ઞાનસત્ર અધ્યક્ષ : શ્રી ભગવતીકુમાર શર્મા

**જ્ઞાનસત્રનો વિગતવાર કાર્યક્રમ**

**પહેલી બેઠક** : તા. ૨૪-૧૨-૨૦૧૦, શુક્રવાર, બપોરના ૨-૩૦થી ૫-૧૫

**ઉદ્‌ઘાટન બેઠક**

દીપપ્રાકટ્ય : પૂ. મોરારિબાપુ (મહુવા)
સ્વાગત : ડૉ. એ. એન. શાહ
પરિષદ વહીવટી મંત્રી : શ્રી રાજેન્દ્ર પટેલ
પ્રાસંગિક : શ્રી ભોળાભાઈ પટેલ
શ્રી રઘુવીર ચૌધરી
(ટ્રસ્ટી કે પૂર્વપ્રમુખ)
આશીર્વચન : પૂ. મોરારિબાપુ
અધ્યક્ષ : શ્રી ભગવતીકુમાર શર્મા
સમાપન, આભાર : શ્રી અનિલાબહેન દલાલ

વિરામ-ભોજન
સાંજે ૬.૩૦થી ૮.૦૦

**બીજી બેઠક** : રાત્રે ૮.૦૦થી ૮.૪૫ પારિતોષિક વિતરણ
સંચાલન : પ્રફુલ્લ રાવલ
અધ્યક્ષ : ભગવતીકુમાર શર્મા

**ત્રીજી બેઠક** : રાત્રે ૯.૦૦થી ૧૦.૦૦ કાવ્યાસ્વાદ
ઉમાશંકર જોશી કવિતા : પાઠ અને ગાન
પ્રસ્તુતિ : શ્રી અમર ભટ્ટ અને વૃંદ



અધ્યક્ષ : નીતિન વડગામા
તા. ૨૫-૧૨-૨૦૧૦, શનિવાર
સવારે ૮.૦૦થી ૯.૦૦ ગુજરાતી સાહિત્ય પરિષદની કાર્યવાહક
તથા મધ્યસ્થ સમિતિ સંયુક્ત બેઠક

**ચોથી બેઠક** : ૯.૦૦થી ૧.૦૦
સર્જક વિશેષ : ઉમાશંકર જોશીનું વિવેચન-સંશોધન
અધ્યક્ષ : શ્રી શિરીષ પંચાલ
બીજરૂપ વક્તવ્ય : શ્રી ચંદ્રકાન્ત શેઠ
શૈલી અને સ્વરૂપ : શ્રી અશ્વિન દેસાઈ
સંસ્કૃત સાહિત્યની વિવેચના : શ્રી ભોળાભાઈ પટેલ
મધ્યકાલીન સાહિત્યનું વિવેચન
અને સંશોધન : શ્રી નરોત્તમ પલાણ
સમકાલીન કવિતા ને
કૃતિનિષ્ઠ વિવેચન : શ્રી ઉષા ઉપાધ્યાય

**પાંચમી બેઠક** : બપોરના ૩.૦૦થી ૬.૦૦
બે વર્ષના સાહિત્યનું સરવૈયું (૨૦૦૮-૨૦૦૯)
અધ્યક્ષ : શ્રી રતિલાલ બોરીસાગર
કવિતા : શ્રી અનિરુદ્ધસિંહ ગોહિલ
નાટક : કવિતા શુક્લ
નવલકથા : રાજેન્દ્રસિંહ ગોહિલ, વિપુલ પુરોહિત
ટૂંકી વાર્તા : પન્ના ત્રિવેદી
નિબંધ : વિનોદ ગાંધી
બાળસાહિત્ય : યશવંત મહેતા
વિવેચન, સંશોધન, સંપાદન : યોગેન્દ્ર પારેખ
અનુવાદ : હેમાંગ દેસાઈ
રાત્રિબેઠક : રાત્રે ૯.૦૦થી યજમાન સંસ્થા આયોજિત કાર્યક્રમ
તા. ૨૬-૧૨-૧૦, રવિવાર

**છઠ્ઠી બેઠક** : સવારે ૮.૦૦થી ૧૦.૧૫
સાહિત્યસ્વરૂપ : ટૂંકી વાર્તા – છેલ્લા ત્રણ દાયકાની ટૂંકી વાર્તાની ઉપલબ્ધિ
અધ્યક્ષ : શ્રી શરીફા વીજળીવાળા
કાલ અને આજ : મણિલાલ હ. પટેલ
સ્વરૂપ : શ્રી અજય રાવલ
પ્રવાહ : દર્શન : શ્રી જગદીશ ગૂર્જર

**સાતમી બેઠક** : બપોરના ૧૦.૩૦થી ૧૨.૪૫
યજમાન સંસ્થા તરફથી સાહિત્યની બેઠક
**આઠમી બેઠક** : ૧૨-૪૫થી ૨.૩૦
સમાપન બેઠક

**નોંધ :** (૧) જ્ઞાનસત્રમાં ભાગ લેવા ઇચ્છતાં સૌ તા. ૧૫-૧૨-૨૦૧૦ સુધીમાં ભોજન ઉતારા-ફી અને પ્રતિનિધિ શુલ્કના રૂ. ૩૦૦/- તથા વિદ્યાર્થીઓ માટે રૂ. ૧૫૦/- ગુજરાતી સાહિત્ય પરિષદ કાર્યાલય, અમદાવાદને **તા. ૧૫-૧૨-૨૦૧૦** સુધીમાં મોકલી આપવા વિનંતી.

S

'વાંચે ગુજરાત' અભિયાન અંતર્ગત ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ચી. મં. ગ્રંથાલયના ઉપક્રમે તા. ૧૫-૯-૨૦૧૦ના રોજ 'મને ગમતું પુસ્તક' કાર્યક્રમમાં શ્રી સલોનીબહેન જોશીએ 'આપણો પ્રાચીન કથાવારસો' વિશે પોતાનું વક્તવ્ય રજૂ કર્યું હતું. તેમણે આપણા પ્રાચીન કથાવારસા વિશે વાત કરતાં જણાવ્યું હતું કે ઋષિમુનિઓએ ધર્મગ્રંથોનો જ ઉપદેશના માધ્યમ તરીકે સફળતાપૂર્વક ઉપયોગ કર્યો છે તેમજ લોકકથાને કેવી રીતે ધર્મકથામાં પરિવર્તિત કરાય છે તેની રસપ્રદ રીતે વાત કરી હતી. શ્રી કલ્પનાબહેન પરીખે સ્વાગત સાથે શ્રી સલોનીબહેનનો પરિચય આપ્યો હતો.

**દીપ્તિ શાહ**
ચી. મં. ગ્રંથાલય

## સુરેશ જોષીનાં વ્યાખ્યાનો અંગે

સુરેશ જોષીએ ગુજરાતના અનેક સ્થળે, કૉલેજ કે અન્યત્ર જે વ્યાખ્યાનો કર્યાં છે અને જે મુદ્રિત થયાં હોય તેની ટેપ-સીડી જેની પાસે હોય તેઓને વિનંતી કે તે ટેપ-સીડી ગુજરાતી સાહિત્ય પરિષદને પહોંચાડે. તે રેકોર્ડિંગ કે સીડીમાં ઉતારીને મૂળ ટેપ કે સીડી જે-તે વ્યક્તિને પરત કરીશું.

S

**(૧) માતૃભાષા સંવર્ધન કેન્દ્ર માટે મળેલ દાન :**

(૧) ઓરિએન્ટ ક્લબ : અમદાવાદ ૫,૦૦૦/-
(ગુણવંત શાહ, વક્તવ્ય પુરસ્કારના)

(૨) ઇમ્પેક્ટ સુરત ૧૨,૦૦૦/-
(ગુણવંત શાહ, વક્તવ્ય પુરસ્કારના)

(૩) ધ ગાંધીધામ ચેમ્બર ઑફ કૉમર્સ ઍન્ડ ઇન્ડસ્ટ્રીઝ ૨૫,૦૦૦/-
(ગુણવંત શાહ વક્તવ્ય પુરસ્કારના)

(૪) રમાબહેન નવલભાઈ શાહ, અમદાવાદ ૧,૦૦૦/-
(ગુણવંત શાહ વક્તવ્ય પુરસ્કારના)

**(૨) લેખકનિધિ માટે મળેલ દાન :**

શાંતાબહેન મોતીલાલ ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ ૮૦,૦૦૦/-
હ. અમિત અંબાલાલ

**(૩) બાંધકામ પેટે મળેલ દાન :**

(૧) સંપદા એન્ટરપ્રાઇઝ અમદાવાદ ૨૫,૦૦૦/-
હ. પાવનભાઈ બકેરી

**(૪) પ્રકાશનશ્રેણી તથા વ્યાખ્યાનશ્રેણી માટે મળેલ દાન :**

શ્રી હરિનારાયણ આચાર્ય તથા ડૉ. ઉષાબહેન
હરિનારાયણ આચાર્ય અમદાવાદ તરફથી રૂ. ૬,૦૦,૦૦૦/-

(૫) ગુજરાતી સાહિત્ય પરિષદ (૨૪મું અધિવેશન
(૧૯૬૭) દિલ્હી : હ. દેવકુમાર ત્રિવેદી ૨,૭૫,૦૦૦/-

r

## અરબી રણ

ક્ષિતિજ પણ રેતની ! ઢગ પરે ઢગો વિસ્તર્યા;
કરાલતમ ભૂખરા ખડક તો કરે દાંતિયાં !
દિશા સકળ ભેદતી ગરમ લૂય ખાવા ધસે;
કશેય નવ ઝાંખરું – તણખલું ન લીલું લસે !

વિરાટ સૃજી વિશ્વની નીલમ વાડી, થાકી જરા,
પ્રજાપતિ મુખેથી એક ધગતો નિસાસો સર્યો;
અને અહીં હજાર ગાઉ તક ઝાળતો એ ઝર્યો;
ક્યહીં રચત રેતીના ઢગ, ક્યહીં સૂકા ડુંગરા !
બધે નજર વિસ્તરે ! અતૂટ ચક્રવાતો ચહું;
નથી નજર ભાંગવા કશું વિવિધ કે કૈં નવું !
વિરાટ નભટોપને સકળ કોરમાં આવરી
સપાટ પૃથિવી પડી સુકલ છાતી ખુલ્લી કરી !

ત્યહીં જનમ 'એક માત્ર વિભુ !' – કલ્પનાનો થતો !
— 'કરાલ નિજ લોચને સકલ લોકને નાથતો !'

(કોડિયાં, સંવર્ધિત નવી આ., ૧૯૭૨, પૃ. ૬) **– કૃષ્ણલાલ શ્રીધરાણી**